**Innovation of SOCETians helping in daily routines.**

**Article published in Sandesh-City Light dated 6/4/2013 .**

સંદેશ-સીટીલાઈટ-6/4/20

# સિલિન્ડરમાં 2 કિલો ગેસ બાકી હશે અને અલાર્મ વાગશે

## સિલ્વર ઓક કોલેજ ઓફ એન્જિનિયરિંગ એન્ડ ટેક્નોલોજીના બે સ્ટુડન્ટ્સે ગૃહિણીઓને હેલ્પફુલ બને તેવું ઇનોવેશન કર્યું

**અમદાવાદ : ૫ એપ્રિલ ૨૦૧૩**

રસોઈ ચાલતી હોય અને એકાએક સિલિન્ડર ખલાસ થઇ જાય તો ઓચિંતી આફત આવી પડે છે, ને નવા બાટલાને નોંધાવવાથી લઈને તેને મેળવવા સુધીની આખી પ્રોસેસમાં ટાઇમ બહુ લાગે. જેમને બે ગેસ કનેક્શન હોય તેમને તો એટલો વાંધો નથી આવતો પણ સિંગલ કનેક્શનવાળા લોકોને તો બહુ મુશ્કેલી પડે છે.

વળી, ગેસનો બાટલો ક્યારે ખાલી થશે તેનો ચોક્કસ અંદાજ ના હોવાથી કેટલીક વાર મુશ્કેલીમાં મુકાવું પડે છે. આવી જ સમસ્યાના ઉકેલ માટે શહેરની સિલ્વર ઓક કોલેજ ઓફ એન્જિનિયરિંગ એન્ડ ટેક્નોલોજીમાં મિકેનિકલના ફાઇનલ યરમાં અભ્યાસ કરતા નૈતિક શાહ અને સલીમ પટેલે નવા પ્રકારનું અલાર્મ તૈયાર કર્યું છે. આ અલાર્મની વિશેષતા એ છે કે જ્યારે ગેસના સિલિન્ડરમાં ૨ કિલોગ્રામ જેટલો ગેસ વધે ત્યારે અલાર્મ વાગીને તમને તેની જાણ કરશે, જેથી નવા બાટલાને નોંધાવવાની પ્રોસેસ કરી શકાય.



કોલેજ માટે બનાવ્યો પ્રોજેક્ટ

નૈતિક શાહ કહે છે કે, અમારે ફાઇનલ યરમાં કોઇ એક વિષય પર પ્રોજેક્ટ તૈયાર કરવાનો હોય છે. એ વખતે અમને વિચાર આવ્યો કે ઘરે ગેસ પૂરો થઇ જાય એ પછી જ ખબર પડે છે. એ પછી બાટલો નોંધાવીએ અને નવો બાટલો મળે ત્યાં સુધી બહુ રાહ જોવી પડે છે. આના ઉકેલ માટે અમે એક પેટી બનાવી છે જેમાં વજનકાંટો ફિટ કર્યો છે. ગણતરી કરીને વજન કાંટામાં બે પોઇંટ ગોઠવ્યાં છે. તેના લીધે જ્યારે સિલિન્ડરમાં ૨ કિલો ગેસ વધશે ત્યારે અલાર્મ વાગશે અને તમે નવા સિલેન્ડર માટેની પ્રોસેસ શરૂ કરી શકશો. આ પ્રોજેક્ટને વ્યવસ્થિત રીતે પૂરો કરવામાં અમારા પ્રોફેસર રિપેન શાહે ઘણી મદદ કરી છે.